**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૮/૧૦/૨૦૧૭ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૨૮/૧૭**

## ઘર ફોડ ચોરીનો મુદામાલ સાથે આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ નાયબ પોલીસ કમીશ્નર ઝોન ૭ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર સા શ્રી એ વી પટેલ સા ના માર્ગદર્શન હેઠળ વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હા બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલ્કત સંબધી બનાવો શોધી કાઢવા સુચના કરતા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન મ.સ.ઇ.લાલજીભાઇ ભીખુભાઇ બ.નં-૬૪૧૪ નાઓની બાતમી આધારે વેજલપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ.ગુ.ર.નં-૧૯૬/૨૦૧૭ ધી ઇ.પી,કો કલમ-૩૮૦ મુજબના કામના આરોપી નામે યોગેશકુમાર સ/ઓ શીવકુમાર જાતે કુમાર(કુંભાર) ઉવ ૨૧ રહે બી/૪૦ મીલ્લતકોલોની કુબા મસ્જીદ પાસે ગરીબ નવાઝ હોટલની ગલીમાં ગુપ્તાનગર વાસણા અમદાવાદ શહેર મુળ વતન નેવરપુર સિતૌરા પો સ્ટ મુશાવલી તા જી ઇટાવા(ઉતરપ્રદેશ)નાઓના કબ્જામાંથી એક સોની કંપનીનુ ૩૨ ઇચનુ એલ સી ડી ટી વી ટીવીનો મોડલ નંબર જોતા KDL-32EX720 જેનો સીરીયલ નંબર 2002317 નો જણાય આવેલ જેની કિમત રુ ૧૦,૦૦૦/ના મુદામાલ સાથે પકડી ઉપરોકત ગુન્હાના કામે આજરોજ તા ૦૭/૧૦/૧૭ ના કલાક-૧૭/00 વાગે પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે

# હીસ્ટ્રીશીટર/બુટલેગરને ત્યાં રેડ કરી કિ રૂ ૨,૭૬,૬૦૦/૦૦ રૂપિયાના ઇગ્લીશ દારુ સાથેના મુદ્દામાલ સાથે આરોપીને પકડી કાયદેસર કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

## ગણનાપાત્ર કેશ

આજરોજ અમો તથા સાથેના સ્ટાફના માણસો ઉપરી અધિકારીશ્રીઓની તેમજ સિનિયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.એસ.દવે સાહેબની સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા પેટ્રોલીગમાં હતા દરમ્યાન ન્યુ આર ટી ઓ પાસે આવતા અમોને ખાનગી રાહે બાતમી હકીક્ત મળેલ કે ન્યુ ગજેંદ્ર સોસાયટી તથા ચિત્રલેખા સોસાયટીઓમાં મકાન ધરાવતા સોહનલાલ @ સોનુ તથા તેના ફોઇ ઉષા પાંડે તથા ઓમપ્રકાશ સરદારીલાલ શર્મા નાઓ પોતાના મકાનમાં ગેર કાયદેસરનો ઇગ્લીશ દારુનો જથ્થો રાખીને વેપાર કરે છે અને હાલમાં પ્રવૃતી ચાલુ છે જે બાતમી હકીક્ત આધારે અમોએ રસ્તે જતા બે પંચોના માણસો બોલાવી હકીક્ત સમજાવી પંચોએ પંચમાં રહેવા સમજ કરતા પંચો તથા બીજા સ્ટાફના માણસો સાથે બાતમી હકીક્તવાળી જગ્યાએ રેડ કરતા ત્રણેય મકાનોના રુમ તેમજ <u>રસોડાના ભોયતળીયાની ટાઇલ્સ નીચે બનાવેલ ભોયરામાંથી</u> અલગ અલગ બ્રાંડનો ઇગ્લીશ દારુનો તેમજ બીયરનો જથ્થો કિરૂ <u>૧,૫૬,૬૦૦</u>/૦૦ તથા ઇગ્લીશ માલની ડીલીવરી કરવા રાખેલ ચાર એકટીવા રુપિયા <u>૧,૨૦,૦૦૦/૦૦</u> મળી કુલ્લે રુપિયા <u>૨,૭૬,૬૦૦/૦૦</u> ના મુદ્દામાલ સાથે આરોપી <u>ઓમપ્રકાશ સરદારીલાલ શર્મા ઉવ ૫૫ રહે મનં એ/૧૦૫ ન્યુ ગજેંદ્ર સોસાયટી આર.ટી.ઓ. સામે વસ્ત્રાલ અમદાવાદ શહેર</u> નાને તા.૭/૧૦/૧૭ ના કલાક ૨૨/૦૦ વાગે પકડી તથા ભાગી જનાર (૧) સોહનલાલ @ સોનુ (૨) મોહન @ મોનુ શર્મા (૩) તેની બહેન ઉષા સરદારીલાલ શર્મા (પાંડે) ત્રણેય રહે સદર નાઓની તપાસ હાથ ધરેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.